# મેઘરજના વાધપુર ગામે મહિલાના આડા સબંધ મામલે એક ઘર સળગાવાયું : પાંચ ઈજાગ્રસ્ત

ઈસરી, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના અંતરિયાળ ગામ વાઘપુરમાં ભત્રીજાને કાકી સાથે પ્રેમ થઈ જતા એક વર્ષ અગાઉ આ બંને પ્રમી પંખીડા ફરાર થઈ ગયા હતા અને વિજાપુર નજીક ખેતરમાં

ઘરને કેરોસીનથી સળગાવી હોબાળો કરતાં ૫ લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. આ અંગે જીવાભાઈ દલાભાઈ રાવળે ઈસરી પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા ઈસરી પોલીસે આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ભત્રીજાને કાકી સાથે પ્રેમ સંબંધ બંધાતા ૧ વર્ષ અગાઉ ફરાર થઈ ગયા હતા : જ્યાં મહિલાનું મોત નિપજતાં હોબાળો

ભાગીયા તરીકે ખેત મજૂરી કરી જીવન નિર્વાહ ચલાવતા હતા. જ્યારે મહિલાનું એક મહિના અગાઉ મોત નિપજતાં આ અંગેની જાણ મહિલાના પતિ અને પરિવારજનોને થતાં આ અંગેની અદાવત રાખી તેમના મોટાભાઈના ઘરને કેરોસીનથી સળગાવી હોબાળો કરતાં ૫ લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. આ અંગેની જાણ મહિલાના પતિ અને પરિવારજનોને થતાં આ અંગેની અદાવત રાખી તેમના મોટાભાઈના

મેઘરજ તાલુકાના વાઘપુર ગામના જીવાભાઈ દલાભાઈ રાવળનો પુત્ર કાળુ જીવા રાવળ તેમના ઘરની નજીકમાં રહેતી મહિલા અને કાકી કાન્તાબેન બાબુભાઈ રાવળ સાથે આંખ મળી જતાં પ્રેમ-સંબંધ બંધાયો હતો. આ બંને પ્રેમી પંખીડા એક વર્ષ અગાઉ ફરાર થઈ ગયા હતા અને મહેસાણા જિલ્લાના વિજાપુરની આજુબાજુના ખેતરમાં ભાગીયા તરીકે ખેત મજુરી કરી જીવન નિર્વાહ ચલાવતા હતા.

આકસ્મિક રીતે કાન્તાબેનનું મોત નિપજતાં આ અંગેની જાણ તેમના પતિ બાબુ દલા રાવળને થતાં આ અંગેની અદાવત રાખી ગેરકાયેદસર મંડળી રચી સોમવારે સાંજના ૬



વાગ્યાની આસપાસ જીવા દલા રાવળ અને તેમનો પુત્ર રાજુ અને તેમની પત્નિ ઘરે હાજર હતા ત્યારે બાબુ દલા રાવળ હાથમાં ધારીયુ તથા જીવા મંગુ રાવળ હાથમાં લાકડી સાથે અન્ય હિરા કાળા લાકડી અને ભરત કચરા કેરોસીનનું ડબલુ લઈ તારો છોકરો મારૂ બૈયરૂ- લઈને નાસી

ગયો છે તેમ કહી બિભત્સ ગાળો બોલી ઉશ્કેરાઈ જઈ દરવાજો તોડી કેરોસીન છાંટી ઘર સળગાવી દઈને ઘરના સભ્યોને ધારીયા લાકડીનો માર માર્યો હતો. ઘર સળગી જતાં અને એકાએક હૂમલો થતાં બૂમાબુમ કરી મુકતાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. લોકો દોડી આવતા બાબુ રાવળનો જાનથી મારી નાખવાની ધમકી આપી ચારે શખ્સો ફરાર થઈ ગયા હતા. ફરિયાદીએ પોતાના મોબાઈલથી ૧૦૦ નંબર તેમજ ૧૦૮ નંબર પર ફોન કરતાં

પોલીસ જવાનો અને ૧૦૮ આવી પહોંચી હતી અને પોલીસે ફાયર બ્રિગેડને બોલાવી ઘરની આગ બુજાવી હતી. ૧૦૮ દ્વારા ઈજાગ્રસ્ત જીવા દલા રાવળ ઉં.વ. ૫૫, કમળા જીવા રાવલ ઉં.વ. ૫૫, રાજુ જીવા રાવળ ઉં.વ. ૩૦, મહેશ રાજુ રાવલ ઉં.વ. ૬, ઉર્મિલા રાજુ રાવલ ઉં.વ. ૫, તમામ રહે. વાઘપુર તાલુકો, મેઘરજ લોકોને મેઘરજ સરકારી દવાખાને ખસેડાયા હતા અને નાની મોટી ઈજાઓ થતાં મેઘરજ સીવીલમાં સારવાર અપાઈ હતી. ઈસરી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.એચ. ભાટીએ જીવાભાઈ દલાભાઈ રાવળના ફરિયાદના આધારે બાબુ દલા રાવળ, લાલા કચરા રાવળ, જીવા મંગુ રાવળ, ભરત હિરા રાવળ તમામ રહે. વાઘપુર તાલુકો, મેઘરજ વિરૂદ્ધ આઈપીસી કલમ ૪૩૬, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તેમજ જીપીએક્ટ કલમ ૧૩૫ મુજબ ગુન્હો નોંધી ફરાર ચારેય આરોપીઓને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# પોશીનામાં ધાડપાડુના આતંકથી ભયનો માહોલ

ખેડબ્રહ્મા,તા. ૨૪

સાબરકાંઠાના અતિ પછાત પોશીના તાલુકો દિન બદિન તરક્કી કરતુ આ ગામમાં છેલ્લા કેટલાક દિવસોથી ધાડપાડુ તત્વોથી ગામમાં અને મકાનોને ટાર્ગેટ બનાવી લોકો ઉપર મોટા પથ્થરમારો કરતા ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ પોશીના ગામમાં ધાડપાડુઓ આતંક મચાવી પોલીસને પણ પડકાર ફેંકતા હોય તેમ આખી રાત પોલીસ અને ધાડપાડુઓ વચ્ચ સંતાકૂકડી રમત રમાઈ રહી હતી.

જ્યારે શનિવારના મોડી રાત્રે મહેબુબભાઈ ગુલામનબીની દુકાનનું સટલનુ તાળુ તોળી દુકાનમાંથી ધાડપાડુઓ પ્રવેશી દુકાનમાંથી તેલના ડબ્બા, બુધાલાલ કાર્ટુન તેમજ વિમલ ગુટખા તેમજ ઘીના ડબ્બા સહિત કરિયાણાની પરચુરણ માલની ધાડપાડુએ રૂપિયા અંદાજે ૪૩ હજાર મત્તાની ચોરી કરી ધાડપાડુઓ ભાગી ગયા હતા. જેની ફરિયાદ પોશીના પોલીસ સ્ટેશનમાં મહેબુબભાઈ જી. મેમણે નોંધાવી હતી. જ્યારે રવિવારના આસિફભાઈની દુકાનની પણ ધાડપાડુઓએ લુંટનો દોર ચાલુ રાખ્યો હતો. જ્યારે આ ઘટનાને લઈને ગ્રામજનોમાં તંત્ર સામે અસંતોષ વ્યક્ત કર્યો હતો.

## ગ્રામજનો ભયનો ઓથાર નીચે જીવે છે લૂંટફાટના વધતા બનાવો પોલીસની નિષ્ક્રિયતા સામે રોષ

# સાબરકાંઠા-અરવલ્લીમાં પશુઓની તસ્કરી કરતી ગેંગ સક્રિય થતાં ફફડાટ

## પેઢમાલા ગામની બે ભેંસ જીપડાલામાં ચોરી કરી નાસતા ચાર શખ્સો સાથે જીપડાલુ પલટી જતા ચાલક જીપડાલુ અને ભેંસ ઘટનાસ્થળે મુકી ફરાર

મોડાસા, તા. ૨૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પશુઓ ચોરતી ગેંગ સક્રિય બનતા બન્ને જિલ્લાના પશુપાલકોમાં ફફડાટ ફેલાયોછે. પશુ ચોરતી ગેંગ દ્વારા પશુઓની તસ્કરી કરી અબોલ પશુઓને કતલખાને મોકલી આપી દિવસ દરમિયાન ગામડાઓમાં પશુઓની રેકી કરી ઉઠાવી જવાની ઘટનાઓ વારંવાર બનતી હોવા છતાં બન્ને જિલ્લાનું પોલીસતંત્ર પશુચોરોને ઝડપી ન શકતા પશુપાલકોમાં રોષ ફેલાયો છે. સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના પેઢમાલા ગામમાં ઘર આગળથી બે ભેંસોની ચોરી કરી જીપડાલામાં ભરી ચોરો ફરાર થઈ ગયા હતા પરંતુ નાદરી ગામની સીમમાં જીપડાલુ પલટી ખાઈ જતાં ચારેય પશુચોરો જીપડાલુ અને બન્ને ભેંસોને ઘટનાસ્થળે મુકીને ફરાર થઈ ગયા હતા. ગાંભોઈ પોલીસે જીપડાલાના નંબરના આધારે ચારેય પશુચોરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

સાબરકાંઠા હિંમતનગર તાલુકાના પેઢમાલા ગામના ચેતનસીંહ ગલબાસીંહ ચૌહાણની ઘરની આગળ બાંધેલી ભેંસની સોમવારે રાત્રીના ૩ વાગ્યાના સુમારે ચાર અજાણ્યા



પશુચોરો જીપડાલામાં (ગાડી નં. જીજે૦૯એક્સ-૭૦૩૮) ભરીને ફરાર થઈ ગયા હતા. જીપડાલાના ચાલકે ગામલોકોથી બચવા જીપડાલુ પુરઝડપે ગફલતભરી રીતે હંકારતા પેઢમાલા ગામની સીમમાં નાદરી નજીક જીપડાલુ પલટી જતા ચારેય શખ્સો જીપડાલામાં ચોરેલી બંને ભેંસો કિંમત રૂ. ૬૦હજાર સહિત જીપડાલુ ઘટનાસ્થળે મુકીને ફરાર થઈ ગયા હતા. પેઢમાલા ગામના ચેતનસિંહ ગલબાસીંહ ચૌહાણની ભેંસ ચોરાતા અને નાદરી ગામની સીમમાંથી મળી આવતા જીપડાલા સહિત ચાર અજાણ્યા પશુચોર ઈસમો સામે ગાંભોઈ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા ગાંભોઈ પોલીસે ચારેય શખઅસો સામે પશુ તસ્કરી અંગેનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## પોશીનાના વલસાડી ગામે અજગરનું બચ્ચુ પકડાયુ

પોશીના તાલુકાના વલસાડી ગામે તા. ૨૪ના રોજ નદીના પટ ઉપર આવેલ ઝાડ ઉપરથી વન વિભાગના એસ.એસ. ખરાડી રાઉન્ડ ફોરેસ્ટર અઝાવસ એ વલસાડી ગામમાંથી અજગરનું બચ્ચુ જે ૩ ફૂટનું પકડી પાડ્યુ હતુ. જેને બાલારામ સેન્ચુરીમાં છોડવામાં આવ્યુ હતુ.

# પાટણના અધાર ગામે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ચૂંટણી સભા સંબોધી

પાટણ, તા. ૨૪

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના અધાર ગામે જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને વિજેતા બનાવવા ગ્રામજનોને સંબોધતાં જણાવ્યું હતું કે, મારા ચૂંટણી પ્રચાર માટેનો ૧૫મો જિલ્લો છે. પાટણ જિલ્લાના મતદારોએ પ્રેમ-ઉત્સાહથી ભાજપના ઉમેદવારોને જીતાડતા જોયા છે. પાટણ જિલ્લો મારો પોતાનો જિલ્લો છે. પાટણની ૧૦ વર્ષ રહી સેવા કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. મને પરિવાર સાથે જમાડી-નાસ્તો કરાવી ભાવપૂર્વક મારી સાથે જમવાનું અને ભાજપને જીતાડવાનું અને મદદ કરવાનું કામ કર્યું છે. તન-મન-ધનથી ભાજપને જીતાડવા પુરો પ્રયાસ કર્યો છે.

પાટણ જિલ્લાનો પાછલા ૧૫ વર્ષોથી વિકાસ કરવાનો પ્રયાસ કર્યો છે. તેના તમે સાક્ષી છો. આંગણવાડીનું કામ નાનુ છે, પરંતુ મારી દૃષ્ટિએ ગરીબોના બાળકો માટે મોટુ કામ છે. પાટણ જિલ્લામાં હોસ્પિટલ, મેડીકલ કોલેજ, એન્જીનીયરીંગ કોલેજ, આઈટીઆઈ, પોલીટેકનીક કોલેજો શરૂ કરી વિદ્યાર્થીઓ માટે શિક્ષણ મેળવવા સુપેરે કામ કર્યું છે. હજુ ઘણા કામો કરવાના બાકી છે. પાટણ જિલ્લામાં ઘણા ગામોમાં તળાવો ઉંડા કરવામાં આવ્યા છે. નર્મદા કેનાલથી તમામ તળાવો ભરવામાં આવ્યા છે. પાંચ વર્ષમાં બાકીના તળાવો ઊંડા કરવામાં આવશે. સમગ્ર ગુજરાતમાં રાજ્યના તમામ વર્ગના તમામ બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવી રહ્યા છે. શાળાઓમાં બાળોકને સુવિધા મળી રહે તે માટે પીવાનું પાણી, ટોયલેટ, બાળકોને બેસવાની વ્યવસ્થા, સારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. આવતા વર્ષોમાં પ્રાધ્યાન્ય આપવામાં આવશે.

પાટણ જિલ્લો પછાત હતો. પરંતુ છેલ્લા પંદર વર્ષમાં શિક્ષણ, આરોગ્ય, રસ્તા, નાળા, શાળા, હાઈસ્કૂલના વિકાસના કામો થવાથી પાટણ જિલ્લો બીજા જિલ્લાઓની હરોળમાં આવી રહ્યો છે. પાટણ જિલ્લામાં નર્મદા કેનાલનું પાણી ખેતર સુધી પહોંચાડવા સબ માઈનોર કેનાલની કામગીરી એક વર્ષમાં પુર્ણ કરવામાં આવશે.

## કમળને મત આપવા હાકલ કરી

દેશમાં પ્રથમ રાજ્ય ગુજરાતે પંચાયતી રાજમાં મહિલાઓને ૫૦ ટકા ભાગીદાર બનાવી છે. એક બહેન તરીકે કમળને મત આપી અને અપાવી ભાઈબીજની બહેનને ભેટ આપવા અપીલ કરી હતી. બધા જ એક બની, નેક બની ખભેખભા મિલાવી ભાજપના ઉમેદવારોને જીતાડવા અપીલ કરી હતી.

# મેઘરજના ભેમાપુર પોટા ગામે જાનથી મારી નાખવાની ધમકી આપતા ત્રણ વિરૂદ્ધ પોલીસ ફરીયાદ


ઈસરી, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ભેમાપુર પોટા ગામે એક ઈસમને કોંગ્રેસ સિવાયના અન્ય પક્ષના વ્યક્તિઓને પ્રવેશ આપીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપતા મેઘરજ પોલીસ સ્ટેશને ત્રણ વ્યક્તિ સામે ફરીયાદ નોંધાવવા પામી છે.

વિગત એવી છે કે ભેમાપુર ગામે પગી જેસિંગભાઈ ઝાલાભાઈ ખેતીકામ કરી પરિવાર સાથે જીવન ગુજારી રહ્યા છે.

તાજેતરમાં યોજાનારી તાલુકા પંચાચત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં કોંગ્રેસ, ભાજપ અને અપક્ષ ઉમેદવારોએ ભેમાપુર સીટ ઉપર ઉમેદવારી નોંધાવી છે. ભેમાપુર પોટા ગામના ઈસમો ડામોર ભેમાભાઈ બાપુભાઈ, ડામોર રમણભાઈ છબાભાઈ, ડામોર ભાથીભાઈ બાપુભાઈએ એકાએક આ ગામના પગી જેસિંગભાઈ ઉપર હૂમલો કરી ધમકી આપતા હતા કે કોંગ્રેસનો ઉમેદવાર અમારો માણસ છે. કોંગ્રેસ સિવાય ભાજપ કે અપક્ષના ઉમેદવારને અન્ય વ્યક્તિઓને આ ફળીયા પ્રવેશ આપીશ તો તને જાનથી મારી નાખીશ તેમ કહી ગળદાપાટુનો માર મારતા બચાવો બચાવોની બુમો પાડતા આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આરોપીઓ ખૂબ જ માથાભારે અને જનૂની સ્વભાવના હોય પગી જેસિંગભાઈ ઝાલાભાઈએ મેઘરજ પોલીસ સ્ટેશને ઉપરોક્ત ત્રણ વ્યક્તિઓ સામે ફરીયાદ નોંધાવેલ છે.

# ખેડબ્રહ્માના ભૃગુઋષિના મંદિરે મેળો ભરાશે



ખેડબ્રહ્મા હરણાવ, કોસંબી અને ભિમાક્ષી નદીઓના ત્રિવેણી સંગમ કિનારે બિરાજમાન સ્વયંભૂ ભૃગુઋષિના મંદિર નજીક તા. ૨૫ નવેમ્બરને દેવદિવાળીના દિવસે મેળો ભરાશે. જેમાં હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડશે. મંદિરમાં દર્શન કરવા માટે કતારો લાગશે. નદીમાં શ્રધ્ધા અને આસ્થાની હજારો ભકતો ડૂબકી લગાવી ધન્ય બનશે તેમજ કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા નારાયણબલી તથા પંચબલીની વિધિઓ પણ કરાવવામાં આવશે.

ખેડબ્રહ્મા ભૃગુઋષિના મંદિર નજીક પૂનમના દિવસે ગંગા સ્નાન કરવા તથા પિતૃઓના અસ્થિ વિસર્જન માટે લોકો ઉમટી પડશે. દેવદિવાળીના દિવસે ભિમાક્ષી નદીમાં અસ્થિ વિસર્જન કરતા તે ઓગળી જતા હોય છે. વહેલી સવારથી જ ઘણા પરિવાર અસ્થિ વિસર્જન તથા મોક્ષની વિધિ માટે આવતા હોય છે. કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા નારાયણબલી, પંચબલી તથા અન્ય વિધિ દ્વારા તર્પણ સંપન્ન કરાવવામાં આવે છે. ઉપરાંત મેળામાં મુળા, ચણીબોર તથા શિંગોડા ખરીદી ભોળા શંભુને અર્પણ કરી ધન્યતા અનુભવતા હોય છે. ખેડબ્રહ્માના ભૃગુઋષિ મંદિરે ભરાતો મેળો માલવાનો પણ એક લ્હાવો છે.

# મહેસાણા જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈ ભારે રાજકીય ગરમાવો

મહેસાણા, તા. ૨૭

મહેસાણા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે. મહેસાણા જિલ્લા પંચાયતથી કુલ ૪૨ બેઠકો માટે ભાજપ-કોંગ્રેસ, અપક્ષ વગેરેના કુલ ૧૦૬ ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. જ્યારે જિલ્લાની દસ તાલુકા પંચાયતોની કુલ ૨૧૬ બેઠકો પૈકી ૬ બેઠકો બિન હરીફ જાહેર થતાં હવે ૨૧૦ બેઠકો માટે ૪૯૫ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે.

જેમાં મહેસાણા તા.પં.માં ૭૩, કડીમાં ૬૮, વડનગર-૪૬, ખેરાલુ-૪૦, સતલાસણા-૩૯, વિસનગર-૪૮, ઊંઝા-૪૨, બેચરાજી-૩૬, જોટાણા-૩૫ અને વિજાપુરમાં-૬૮ મળી કુલ ૪૯૫ ઉમેદવારો ચૂંટણી લડે છે. જિલ્લામાં તાલુકા પંચાયતોની છ બેઠકો બિનહરીફ થઈ છે. તેમાં ત્રણ ભાજપને અને ત્રણ કોંગ્રેસના ફાળે ગઈ છે. જ્યારે જિલ્લાની ચાર નગરપાલિકાઓ મહેસાણા, વિસનગર, કડી અને ઊંઝા તેમજ વિજાપુર સહિતની બે પાલિકાની પેટા ચૂંટણીઓમાં કુલ ૩૩૯ ઉમેદવારો જંગ ખેલી રહ્યા છે. આમાં મહેસાણા પાલિકાના કુલ ૧૧ વોર્ડની ૪૪ સીટો પર ૧૦૪ ઉમેદવારો, વિસનગરમાં નવ વોર્ડની કુલ ૩૬ બેઠકો માટે ૭૨ ઉમેદવારો, કડી પાલિકાના નવ વોર્ડની કુલ ૩૬ સીટો માટે ૬૮ ઉમેદવારો અને ઊંઝા પાલિકાના નવ વોર્ડની ૩૬ સીટો પર કુલ ૮૫ ઉમેદવારો મેદાનમાં છે. આ ઉપરાંત વિજાપુર પાલિકાની પેટા ચૂંટણીમાં છ ઉમેદવારો અને વડનગર પાલિકાની પેટા ચૂંટણી માટે ચાર ઉમેદવારો ઉભા છે. ઊંઝા પાલિકાની ચૂંટણીમાં આ વખતે ભાજપના ઉમેદવાર તરીકે એક પણ ઉમેદવારીપત્રક ભરાયુ નથી. જોકે મહેસાણા, વિસનગર અને કડી પાલિકાની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને અપક્ષો વચ્ચે ત્રિકોણીય જંગ ખેલાઈ રહ્યો છે.

આ વખતની ચૂંટણીમાં જિલ્લા, તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાની બેઠકોના પ્રકારમાં તથા સિમાંકનમાં ફેરફાર થવાથી મતદારોમાં કચવાટની લાગણી ફેલાઈ છે. આ સાથે ચૂંટણી લડતા ઉમેદવારોને પણ મુંઝવણ પેદા થઈ છે.

બીજુ હવે ચૂંટણીના આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ચૂંટણી પ્રચારકાર્યમાં વેગ આવી રહ્યો છે. ચૂંટણી લડતા ભાજપ, કોંગ્રેસ તથા અપક્ષ ઉમેદવારો ડોર ટુ ડોર બેઠકો યોજીને મતદારોનો સંપર્ક કરી મત માટે વિનંતી કરી રહ્યા છે. આ ઉપરાંત જિલ્લાના ઊંઝા શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારો સહિત જિલ્લાના આમ કેટલાક વિસ્તારોમાં ચૂંટણી જીતવા મતદારોને રીઝવવા માટે શરાબ, નાણાંનો છૂટથી ઉપયોગ થઈ રહ્યો હોવાનું ચર્ચાય છે. જોકે મતદારોમાં ચૂંટણી પ્રત્યે કોઈ જ ઉત્સાહ જણાતો નથી. સરકારીતંત્રોમાં વ્યાપક ભ્રષ્ટાચાર, કારમી મોંઘવારી, બેરોજગારી જેવા મુદ્દાઓ સાથે પાટીદાર અનામતનો મુદ્દો મુખ્ય બન્યો છે. પાટીદારો ભાજપથી વિમુખ થયા હોય તેવી સ્થિતિ છે.

# હિંમતનગરમાં એકસાથે પાંચ મકાનમાં ચોરી

હિંમતનગર, તા.૨૪

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી વાહન ચોરી અને ઘરફોડ ચોરીઓના બનાવોએ માઝા મુકી હોવા છતાં પોલીસ તંત્ર તેને અટકાવી શકી નથી તેમજ અનેક ચોરીઓના ભેદના ગુનાઓ પણ વણઉકલ્યા રહ્યા હોવા છતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ મગનું નામ મરી પાડતા નથી. દરમિયાન રવિવારે રાત્રે હિંમતનગરના જલારામ ધામ સોસાયટીમાં ચાર તથા આશાપુરા સોસાયટીના એક મકાનમાં તસ્કર ટોળકીએ પ્રવેશી અંદાજે રૂા.૨ લાખથી વધુની મત્તા ચોરી કરીને લઈ ગયા હતા.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મફતી માહિતી મુજબ મહાવીરનગર વિસ્તારમાં આવેલ જલારામ ધામ સોસાયટીમાં રહેતા રમેશકુમાર અમૃતલાલ પંડયા, ભીમજીભાઈ તથા ભાવેશકુમાર મણીલાલ પટેલના બંધ મકાનમાં રવિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કર્યો હતો. દરમિયાન રમેશભાઈ પંડયાના મકાનમાંથી અજાણ્યા રૂા.૫૦ હજાર રોકડ તથા સોના-ચાંદીના દાગીના મફી રૂા.૧ લાખની મત્તા ચોરી કરી લઈ ગયા હતા. તેમજ ભીમજીભાઈ અને ભાવેશકુમારના મકાનમાં પણ ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો.

## જલારામ ધામ અને આશાપુરા સોસાયટીમાં તસ્કરોએ હાથફેરો કર્યો

બીજી તરફ આશાપુરા સોસાયટીમાં હિતેષભાઈ દલસુખભાઈના મકાનમાંથી પણ અજાણ્યા શખ્સો રૂા.૫૦ હજાર રોકડા તથા સોના-ચાંદીના દાગીના મફી અંદાજે રૂા.૧ લાખથી વધુની મત્તા ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે મકાન માલિકોને ખબર પડતા તેમણે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરી થયાની જાણ કરી હતી.

# યાત્રાધામ અંબાજીમાં રંગેચંગે તુલસી વિવાહની ઉજવણી

પાલનપુર, તા. ૨૩

આજે કારતક સુદ અગીયારસ એટલે કે આજથી અનેક લગ્ન જેવા પ્રસંગોનો સુભારંભનો દિવસ માનવામાં આવે છે. અને તે પણ આજે તુલસી વિવાહ બાદ જ આ શુભ પ્રસંગોનો પ્રારંભ થતો હોય છે. આજે ગુજરાતના મોટાભાગના શહેરોમાં તુલસીવિવાહના કાર્યક્રમ યોજાતા હોય છે. તેમ યાત્રાધામ અંબાજી ખાતે પણ નવદંપતીના લગ્ન કરાતા હોય તે રીતે તુલસી વિવાહનો પ્રસંગ ઉજવવામાં આવ્યો હતો ને ભગવાન શ્રી કૃષ્ણની જાન રાધાકૃષ્ણ મંદિરથી લઈ જવામાં આવી હતી. ને ભગવાન શ્રીકૃષ્ણનો સામૈયાનો સાથે પુંખવાનો કાર્યક્રમ યોજી લગ્નસરાના ગીતો સાથે તુલસી સાથે ભગવાન વિષ્ણુના વિધિવત ફેરાનો પ્રસંગ પણ કરવામાં આવ્યો હતો. જો કે આજનો આ પ્રસંગે સાલીગ્રામ ભગવાનનો મળેલા શ્રાપના પગલે આ પ્રસંગ ઉજવવામાં આવે છે ને આજે દેવઉઠી અગીયારસને તુલસી વિવાહ બાદ જ લગ્નસરાની સીઝન એટલે કે લગ્નોત્સવ શરૂ થતાં હોવાની એક પરંપરા રહી છે.